# મધુર ડેરી



# રાજધાની સહકાર

(મધુરપત્રિકા અંક : ૪૩)

ઓક્ટોબર-૨૦૧૭



ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., સેક્ટર-૨૫, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., ગાંધીનગર

## મધુર ચેરમેનશ્રીનો સંદેશ...



ડૉ. શંકરસિંહ આર. રાણા

સભાસદ ચેરમેનશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, મંડળીના સૌ પશુપાલકો તથા મધુર ડેરીના તમામ શુભ ચિંતકો,

આપને જણાવતાં આનંદ થાય છે કે મધુર સંકલ્પ – "ગુણવત્તાયુક્ત ગાંધીનગર"ના ભાગ રૂપે "મધુર પત્રિકા" હવેથી "રાજધાની સહકાર"ના ખુબજ સાર્થક નામે પ્રકાશીત કરી રહ્યા છીએ. આપ સર્વેએ નવરાત્રિ પર્વમાં આઈ શ્રી ખોડિયારની ખુબજ આરાધના કરી હશે અને દિપાવલી તથા નવા વર્ષનાં આવનાર તહેવારો આપના સ્નેહીજનો સાથે હર્ષોલ્લાસથી માણી શકો એવી શુભ કામનાઓ.

જીવનમાં પરિસ્થિતિ પ્રમાણે જીવવાથી માણસને સુખની અનુભૂતિ થતી હોય છે. સુખ હોવા છતાં દુ:ખની અનુભૂતિ કરનારા લોકો ક્યારેય સુખ માણી શકતા નથી અને એટલે જ તો સુખની વ્યાખ્યાને સમજવાની જરૂર છે. આપણી પાસે રહેલા ફૂલો ને વ્યવસ્થિત રીતે હારમાં ગોઠવીને સરસ ગજરો બનાવીએ તો એ સુખ જ છે. બીજી રીતે કહીએ તો સુખ ભોગવવાની કલા ન હોય તેનાથી વ્યક્તિને દુ:ખની અનૂભુતિ સિવાય કંઈજ મળતુ નથી. આજની દિપાવલી અને તહેવારો ઉજવવાને બદલે લોકો આવતા વર્ષની ચિંતા કરી અને દુ:ખી થતા હોય તો એના માટે સ્વામી વિવેકનનંદને યાદ કરવા જોઈએ. જેઓએ કહ્યું છે કે "દરેક વ્યક્તિએ વર્તમાનમાં જીવી લેવું જોઈએ, ભુતકાળને ભુલાય તેટલો ભુલવો જોઈએ અને ધવિષ્યની ચિંતા નહીં કરી સુખની અનુભુતી આપમેળે કરવી જોઈએ". આજના જમાનામાં આપણે સૌ આ બધી બાબતોને ભૂલી શકતા નથી. સુખ અને દુ:ખનો પર્યાય, મનની કલ્પનાઓ ઉપર આધારિત હોય, ત્યારે આ બાબત સમજવા જેવી છે. આજનો માણસ જીવન જીવવાને બદલે ભેગું કરવાની હોડમાં ફસાયો છે અને એટલે તો, અનેક વસ્તુઓ પ્રાપ્ત કરતો જતો હોવા છતાં, પૈસા, આબરૂ, સુખ સગવડતાના સાધનો વિગેરે હોવા છતાં, એને આ બધું ભોગવવાની ફૂરસદ મળતી નથી. ટૂંકમાં, મળેલા સુખરૂપી ફૂલોનો ગજરો ગળે ન વળગાડીએ તો, આ જીવનનો કોઈ મતલબ નથી. સમયોચિત આવનારા તહેવારોની શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો,

શંકરસિંહ રાણા



**મધુર પરિવારના તમામ સભ્યોને દિવાળી**
**તથા**
**નવા વર્ષની શુભકામનાઓ..**













મધુર ડેરીના વિકાસ અને ભાવી આયોજન માટે ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ ડેરીની પ્રથમ ચિંતન શિબિર ૨૦૧૭










સહકાર સંમેલનમાં મધુર ડેરીના ચેરમનશ્રી અને દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓની હાજરી



નવરાત્રિ મહોત્સવના શુભારંભ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી તથા ચેરમેનશ્રીનું સન્માન

### પ્રાપ્તિ સ્થાન

**કામધેનુ પાર્લર :** સેક્ટર-૨૫, મધુર ડેરી મેઈન ગેટ, ● સેક્ટર-૧૬ પાટનગર યોજના ભવન, ● ઘ-૫ સર્કલ, ● સેક્ટર-૨૮ ગાર્ડન, ● કોલવડા-૧, ● છાલા ● પાલજ ● ગીયોડ ગામ ● મધુર મોબાઈલ વાન ● વાસન મહાદેવ ● ગીયોડ અંબાજી મંદિર ● લવારપુર

**મધુર પાર્લર (ગાંધીનગર) :** સેક્ટર-૭ શોપીંગ સેન્ટર, સેક્ટર-3/એ, જલારામ કોમ્પલેક્ષ, સેક્ટર-૨૧/૧, ડિસ્ટ્રીક શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧/૨, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, ડભોડા, ચિલોડા, ઉનાવા, મોટી આદરજ, ઈસનપુર, વાવોલ, કોલવડા-૨, રૂપાલ

**મધુર એજન્સી :** ગ-૨ : જલારામ પાર્લર, બાલવા : કામધેનું પાર્લર, રાંધેજા : ખુશ્બુ પાર્લર, ઉવારસદ : ઉમિયા પાર્લર, ચિલોડા : વહાણવટી/કૃષ્ણ ડેરી/ પટેલ પાન પાર્લર, સાદરા : જય અંબે ડેરી, કલોલ : કામધેનુ વખારીયા હાઈસ્કૂલ પાસે, પેથાપુર ચોકડી: કામધેનુ પાર્લર ચંદ્રાલા : ગણેશ કોલ્ડીંક્સ, સરઢવ : કામધેનુ કેન્દ્ર, સેક્ટર-૪/બી : અર્બુદા સેલ્સ એજન્સી મુબારકપુર : સિધ્ધેશ્વરી પાર્લર, નારદીપુર : મધુર કેન્દ્ર, જી.ઈ.બી. બસ સ્ટેન્ડ પાસે, ડભોડા : શ્રી જય ખોડીયાર પાર્લર

(સંઘ અને સંઘ સંયોજિત દૂધ મંડળીઓના સભાસદ અને મધુર ડેરીના કર્મચારીઓ માટે)

**પ્રકાશક : મેનેજીંગ ડીરેક્ટર, મધુર ડેરી**
**સંકલન અને સંપાદન : બિઝનેશ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, મધુર ડેરી**

Book-Post

ચેરમેનશ્રી/મંત્રીશ્રી ____________________

____________________

____________________

મધુર સંકલ્પ - ગુણવત્તાયુક્ત ગાંધીનગર





## મધુર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો સંદેશ



રોહિત મહેતા

આજના ડીજીટલ યુગમાં દૂધ મંડળીએ તેનું અસ્તિવ જાળવી રાખવું હોય અને ઉત્તરોત્તર વિકાસ કરવો હોય તો ધંધામાં, સેવામાં, વહિવટમાં, સંચાલનમાં અને માળખાકીય સુવિધાઓમાં આમુલ પરિવર્તન લાવવું પડશે. પશુપાલકો, દૂધ ગ્રાહકોને મંડળી સાથે જોડી રાખવા અને વધુ દૂધ ઉત્પાદન મેળવવા માટે દૂધ મંડળીઓએ સતત પ્રયત્નશીલ રહેવું પડશે. મંડળીઓએ પોતાના સભાસદોનો સાતત્યપૂર્ણ વિકાસ સાધવા અને એકંદરે પોતાનો પણ સમયાંતરે ઉત્તરોત્તર વિકાસ કરવા માટે વૈવિધ્યસભર અને સફળ થયેલ નુસખા અપનાવવા જોઈશે. દૂધ મંડળીઓએ વ્યાપાર સેવા અને સુવિધાઓમાં નવીનતા પણ લાવવી જરૂરી છે. મંડળીઓએ આર્થિક રીતે સધ્ધર થવું ખૂબ જરૂરી છે, સભાસદો તેમજ સંકલન ગ્રાહકોનું સ્વમાન જળવાઈ રહે, આત્મિયતા વધે આદરભાવ અને વિશ્વાસ વધે અને મંડળીના દરેક સભાસદોને પોતાનાં નિર્ધારીતિ હક્ક મેળી રહે તે માટે મંડળીઓએ સમદ્રષ્ટિ રાખી સુશાસનનો પ્રયત્ન કરવો પડશે.

મધુર ડેરીની દરેક દૂધ મંડળીઓએ સંપૂર્ણપણે સજાગ તેમજ જાગૃત રહી મધુર ડેરી તથા મંડળીઓનો સર્વાંગીક વિકાસ થાય તે દિશામાં પ્રયત્નશીલ રહેવા માટે મારી સર્વને વિનંતિ છે. આપ સર્વને દિપાવલી તથા નવાવર્ષની શુભેચ્છાઓ.

## મધુર સમાચાર

૧. અતિભારે વરસાદને કારણે ગાંધીનગર શહેરના આદિવાડા, જી.ઈ.બી. ચાર રસ્તા તથા ગોકુળપુરાની ઝુપડટ્ટીના પૂરગ્રસ્ત વિસ્તારોના રહિશોને ચેરમેનશ્રી તથા એમ.ડી.શ્રીના હસ્તે સાંજે ખીચડી–કઢીનું વિતરણ કરવામાં આવ્યું... તા. ૨૭ જુલાઈ, ૨૦૧૭

૨. મધુર ડેરી કર્મચારી પરિવાર દ્વારા બનાસકાંઠા જીલ્લામાં વરસાદી પૂર અસરગ્રસ્તોને સુખડી, જુના કપડાં, સુકો નાસ્તો, વાસણો અનાજ ના પેકેટો તૈયાર કરવા "પૂરરાહત કેમ્પ"નું આયોજન કર્યું. જીલ્લા કલેક્ટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી અને મધુર ડેરીના બોર્ડ ડિરેક્ટરશ્રીઓ દ્વારા કેમનું નિદર્શન કરવામાં આવ્યું. ચેરમેનશ્રી દ્વારા જીલ્લા કલક્ટરશ્રીને રાહત સામગ્રી સુપરત કરવામાં આવી... તા. ૨૯ જુલાઈ, ૨૦૧૭

૩. ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મધુર ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજીંગ ડિરેક્ટરશ્રી, અધિકારીઓ, કર્મચારીઓ, દૂધ મંડળીના ચેરમેનશ્રીઓએ હાજરી આપી હતી. શ્રીમાન ભીખુદાન ગઢવીએ લોક સાહિત્ય તથા રમુજી ટૂચકા નું રસપાન કરાવી કાર્યક્રમ માં મધુરતા લાવી સફળ બનાવ્યો હતો... તા. ૧૫ ઓગષ્ટ, ૨૦૧૭

૪. મધુર પરિવાર દ્વારા મધુર ડેરીના ચેરમેનશ્રી ડો. શંકરસિંહ રાણાના હસ્તે સ્વાઈન–ફ્લુ ના પ્રતિકાર (રક્ષણ) માટે ઉકાળા વિતરણ કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો... તા. ૨૩ ઓગષ્ટ,૨૦૧૭

૫. મધુર ડેરી પરિવાર દ્વારા અંબાજી પગપાળા સંઘ માટે સેવા કેન્દ્રનું ઉદ્‌ઘાટન માતાજીની આરતી દ્વારા મધુર ડેરીના ડિરેક્ટર શ્રી કનકસિંહ રાણા, મેનેજીંગ ડિરેક્ટરશ્રી રોહિત મહેતા તથા કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું. આ સેવા કેન્દ્ર દ્વારા ચાર દિવસ સતત યાત્રીઓની સેવા કરવામાં આવેલ હતી... તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૧૭

૬. વિશ્વ ગુજરાત પરીષદ દ્વારા અમેરીકા ના ન્યુજર્સી ખાતે ડેરી ક્ષેત્રે પ્રસંસનીય કામગીરી માટે મધુર ડેરીના ચેરમેનશ્રીને **"ગુજરાત ગૌરવ સન્માન - ૨૦૧૭"** ના એવોર્ડથી નવાજવામાં આવ્યા... ૨૬ ઓગષ્ટ, ૨૦૧૭

૭. વિરાતલાવડી, અંબિકાનગર, ગલુદણ દૂધ ઉત્પાદક મંડળી ઉપર મધુર ડેરી ધ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ મધુર ડેરીના ચેરમેનશ્રી ડાૅ. શંકરસિંહ રાણાના હસ્તે કરવામાં આવેલ... તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૧૭

૮. મધુર ડેરી કેમ્પસમાં ચેરમેનશ્રી ડાૅ. રાણા સાહેબના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે ડેરીના તમામ અધિકારીશ્રીઓએ વૃક્ષારોપણ કર્યું.

## મધુર માહિતી

### પશુપાલન માટે પશુઓમાં વંધ્યત્વ નિવારણ માટેની કાળજી

સામાન્ય રીતે માદા પશુ પુખ્ત ઉમરનું થાય ત્યારે અથવા વિયાણ થયેલ પશુ વિયાણ બાદ લાંબો સમય થવા છતાં પાળી / વેતરમાં ના આવે અથવા પાળીમાં આવેલા પુખ્ત ઉમરના પશુને બે ત્રણ વખત ફેળવવા છતાં ગાભણ ના થાય તેવા પશુ વંધ્ય પશુ તરીકે ઓળખાય છે.

**વંધ્યત્વ નિવારણ માટેના પગલા:–**

- પાડી / વાછરડીમાં શરૂઆતની ઉંમરથી નિયમિત યોગ્ય પ્રમાણમાં મિનરલ મીક્ષર તેમજ શરૂઆતથી જ સમતોલ દાણ આપવું જોઈએ કે જેથી સમયસર તેના જનન અંગોનો વિકાસ થઈ પુખ્ત ઉંમરે ફેળવવા લાયક જરૂરી વજન થઈ શકે.
- વંધ્ય પશુની યોગ્ય દાક્તરી સારવારની સાથે જરૂરી પૌષ્ટિક આહાર, યોગ્ય પ્રમાણમાં ખનીજ મિશ્રણનો ઉપયોગ.
- વર્ષમાં ૨ (બે) વખત કૃમિનાશક દવાનો ઉપયોગ.
- મૂંગા વેતરમાં આવતા પશુના ચિહ્નો બરોબર ઓળખી તેની યોગ્ય ગરમીની પરખ કરવી જોઈએ.
- હંમેશા કૃત્રિમ વીર્યદાન કરાવવાનો જ આગ્રહ રાખવો.
- વેતરમાં આવેલ પશુને સમયસર કૃત્રિમ વીર્યદાન (૧૨ થી ૧૮ કલાક) કરાવવું.
- વધુ ગરમીમાં રહેતા પશુને ૨૪ કલાક બાદ બીજીવાર કૃત્રિમ વીર્યદાન કરાવવું.
- ત્રણ બીજદાનમાં ગાભણ ન થયેલ પશુને વધુ બીજદાન ન કરાવતા સારવાર માટે આગ્રહ રાખવો.



રાજધાની સહકાર



- કૃત્રિમ વીર્યદાનની પ્રક્રિયા સંપૂર્ણ સ્વચ્છતા અને તકેદારીઓથી થાય તેની ઉપર ધ્યાન આપવું.
- ગરમીમાં આવેલ પશુમાં કંઈક ખરાબી જણાય તો યોગ્ય તપાસ કરી તેની સારવાર કરાવવી.
- કૃત્રિમ વીર્યદાન કરાવ્યા બાદ તેના દર ૧૯–૨૧ દિવસના ગાળે ફરી ગરમીમાં આવ્યા બાબતની ચકાસણી કરતા રહેવું.
- કૃત્રિમ વીર્યદાન કરાવ્યા બાદ ૭૫ થી ૯૦ દિવસે તેની ગર્ભાધારણ તપાસ કરાવવી.
- વિયાણ સમયે સાવચેતી અને મેલી – ગર્ભાશય સંબંધી તકલીફોમાં યોગ્ય સારવાર.
- વિયાણ બાદ પશુને ૬૦–૯૦ દિવસમાં ફરી કૃત્રિમ વીર્યદાન થઈ જાય તેવી તકેદારી સાથે આહાર આયોજન.
- ગર્ભાવસ્થાનાં છેલ્લા બે મહિના પશુને વસુકાવવું અને જરૂરી સમતોલ આહાર આપવો.
- ગાભણ પશુમાં બિનજરૂરી ઠંડકના ઈન્જેકશનનો ઉપયોગ ટાળવો.
- તરોવાઈ ગયેલ પશુને અલગ રાખવાં.

### દૂધ ઉત્પાદનમાં ચાફકટર ફાયદા :–

(૧) ચાફકટરથી ઘાસચારો કાપીને પશુને આપવાથી પશુને પાચન કરવામાં સરળતા રહે છે. તેમજ ખાદ્યેલ ખોરાકનું દૂધમાં સારી રીતે રૂપાંતર થાય છે.

(૨) ચાફકટરના ઉપયોગથી દૂધનું પ્રમાણ વધે છે. ઘાસનો ૩૦ ટકા બગાડ થતો અટકે છે જેથી આર્થિક ફાયદો થાય છે.

(૩) ચાફકટરના ઉપયોગથી ઉકરડામાં છોલા જતાં બંધ થાય છે. જેથી સારૂ ખાતર મળે છે. (છોલામાંથી ઉધઈ થતી હોય છે જે ખાતર ખેતરમાં નાખવાથી પાકને નુકશાન થતું હોય છે.)

(૪) પશુને ટુકડા કર્યા વિના પૂળા ખવડાવવાથી ઓછું ચાવવું પડે તેવો પાંણઠનો ભાગ ખાય છે અને સારો કસવાળો સાંઠો છોડી દે છે. જેથી ખોરાકમાં ખર્ચેલ નાંણાનો બગાડ થાય છે. પશુ નબળું રહે છે અને દૂધ ઓછું આપે છે.

(૫) ચાફકટરથી ટુકડા કરીને ખવડાવવાથી ચાવવામાં વધારે શક્તિ વાપરવી પડતી નથી, તેથી તમામ ખાદ્યેલ ખોરાકનું દૂધમાં રૂપાંતર થાય છે.

### દૂધ ઉત્પાદનમાં મિલ્કીંગ મશીનના ફાયદા:–

(૧) મશીનના દોહનથી બાવલામાંથી પુરેપરું દૂધ મેળવી શકાય છે. જ્યારે હાથના દોહનથી ૨ થી ૫% દૂધ રહી જતું હોય છે.

(૨) મશીન દોહનથી (હાથનો ઉપયોગ નહિં હોવાને લીધે) સ્વચ્છ દૂધ ઉત્પાદન થાય છે.

(૩) હાથના દોહનથી મૂઠીવાળીને દોહવાથી અંગૂઠાથી આંચળ પર દબાણ થઈ બાવલા અને આંચળના મધ્ય છિદ્રમાં ગાંઠ બની જાય છે. ઘણીવાર ડોકરટશ્રીને બોલાવી ગાંઠ કપાવવી પડે છે.

(૪) મશીનના દોહનથી ઝડપી દોહન થાય છે, પશુનો પારહો (૬–૭ મિનિટ) હોય ત્યાં સુધીમાં દોહન પૂર્ણ થઈ જાય છે.

(૫) મશીન દોહનથી ગળીયો થવાની સંભાવના ખૂબજ ઓછી થઈ જાય છે.

(૬) એકજ મશીનથી વધુ પશુઓ દોહી શકતા હોવાથી મજુરી ખર્ચ ઘટે છે.

## મધુર પ્રતિભાવ



મહાશયશ્રી રાણા સાહેબ,
મધુર ડેરી દ્વારા પ્રસિધ્ધ થતાં "મધુર પત્રિકાં" નાં દરેક અંકોમાં આપના દ્વારા લખવામાં આવેલ લેખ જીંદગીમાં ખૂબ ઉપયોગી થાય, જ્ઞાનમાં વધારો થાય તેવા હોય છે. ઉત્તમ લેખ રજૂ કરવા બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન.

ઠાકોર અરખાબેન વિક્રમજી
પ્રમુખશ્રી, ધી ફતેહપુરા મહિલા દૂધ ઉ. સ. મં. લી.,
મુ. પો. – ફતેહપુરા



આદરણીયશ્રી ડો. શંકરસિંહ રાણા સાહેબ
મધુર ડેરી દ્વારા પ્રસિધ્ધ થતાં "મધુર પત્રિકાં" માં દૂધ ઉત્પાદન, પશુપાલન લેખ વાંચી અમોને ખૂબજ માહિતી – જાણકારી મળે છે. આપના દ્વારા જે દૂધના વ્યવસાય માટે જ્ઞાન પીરસવામાં આવે છે તે જીવન ઉપયોગી થાય તેવું હોય છે. તેમજ મધુર પત્રિકામાંની અન્ય માહિતી પણ ખૂબ જ ઉપયોગી હોવાથી આપને ખૂબ ખૂબ અભિનંદન ...... શુભેચ્છા.

પટેલ વિક્રમભાઈ કાંતિભાઈ
પ્રમુખશ્રી, ધી જાખોરા દૂધ ઉ. સ. મં. લી.,
મુ. પો. – જાખોરા.

# શેરી શેરી... તેરી મેરી...મધુર ડેરી


**આપના પ્રતિભાવો માટે સંપર્ક કરો :**

95120 20020
Madhur Dairy
nitin.madhurdairy@gmail.com